Registration No.: PWAPP-LC/603/2012
Filing No.: PWAPP-LC/603/2012
Filed On: 09/10/2012
Registered On : 09/10/2012

**IN THE LABOUR COURT AT AHMEDABAD**

**P.W. Application NO. 603 OF 2012.**

**Applicant:**

**1.** BHARATBHAI BHIKHABHAI DATANIA
MAFATLAL
BULAKHI NI CHALI, BHOIVADO
DILHI CHAKLA
AHMEDABAD
GUJARAT

**VERSUS**

**Opponent:**

**1.** SHIVAM OFSET
PLOT NO 101/1/8,
OPP. SATYAM DAIRY
GIDC. SECTOR - 28
GANDHINAGAR
GUJARAT

**વિષય : પેમેન્ટ ઓફ વેજીસની કલમ ૧૭(એ) મુજબની અરજી..**

હાજર રહયા : અરજદાર તરફે : યુનિ.પ્રતિ.શ્રી વી.કે.કાઝી
સામાવાળા તરફે: —

**:: આંક–ર હેઠળ હુકમ ::**

Signature Not Verified
Digitally signed by Shah Sanjay S B Shah
Date: 2014.02.26 16:59:49 IST
Reason: signed after verification
Location:

૧. અરજદારે પેમેન્ટ ઓફ વેજીસ એકટ ૧૯૩૬ ની કલમ ૧૫(ર) મુજબની અરજી દાખલ કરેલ છે અને પરિશિષ્ટ–અ માં જણાવેલ કુલ રકમ રૂા.૧,૧૯,૨૨૫/– (અંકે રુપિયા એક લાખ, ઓગણીસ હજાર બસો પચ્ચીસ પુરા) ની તેમજ અરજીનો ખર્ચ

રૂા.૧૦૦૦/ અપાવવાની માંગણી કરેલ છે. અરજદારે આ અરજી સાથે સદર એકટની કલમ ૧૭(એ) મુજબની એટેચમેન્ટ બી ફોર જજમેન્ટની અરજી કરેલ છે.જેની ટૂંકમાં હકીકત એવી છે કે, અમો અરજદાર સામાવાળા સંસ્થામાં એક વર્ષથી સોલના ફોર કલર/ ઓપરેટરના હોદ્દા ઉપર બેઝીક પગાર રૂા.૧૦,૦૦૦/ ના પગાથી ફરજ બજાવતા હતા તથા દર વર્ષે ૨૪૦ દિવસ પુરા કરેલ છે. અમો અરજદારે બાકી પગાર તથા પગારધારાની વ્યાખ્યામાં આવતા અન્ય હકકો માટે આંક–૧ ની અરજી ફાઈલ કરેલ છે. પરંતુ તે ચાલતા ઘણો મય જા તેમ છે. ત્યાં સુધી તેઓ પોતાની માલ મિલકત  તથા મશીનરી વેચી નાખે કે રફેદફે કરી નાંખે કે બીજી અન્ય જગ્યાએ ટ્રાન્સફર કરી નાંખે કે અન્ય કોઈ વ્યકિતને સોંપી દે તેવી પુરેપુરી શકયતા છે. અને જો સામાવાળા તેમાં સફળ થાય તો અમો અરજદારને અમારી રકમ મળી શકે તેમ નથી. જેથી   જેથી સામાવાળા અરજદારની અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી પેરા–૪ માં દર્શાવ્યા મુજબ તમામ  તમામ મીલ્કત મશીનરી એટેચ કરી જપ્ત કરવા અરજ ગુજારેલ છે.તેમજ અરજદારની લ્હેણી રકમ ગેરકાયદેસર રોકી રાખેલ હોઈ બેંક ગેરંટી નામ.કોર્ટ સમક્ષ રજુ કરવા તેમજ આ અરજીના ખર્ચ પેટે રૂા.૧૦૦૦/ સામાવાળા પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

૨. સદર અરજી લગત આંક– ૩ થી એફીડેવીટ રજુ કરેલ છે.જેમાં તેઓએ કલમ ૧૫(૨) તથા કલમ ૧૭(એ) ની અરજીઓમાં જણાવેલ તમામ વિગતો સાચી અને ખરી હોવાનું જાહેર કરેલ છે.

૩. અરજદાર તરફે આંક–૪ થી તેઓના યુનિ.પ્રતિ.શ્રીનું અધિકારપત્ર રજુ થયેલ છે.

૪. સામાવાળાને નોટીસ બજાવવામાં આવેલ છે. જે નોટીસ તેઓને બજી ગયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર થયેલ નથી કે કોઈ જવાબ પણ રજુ કરેલ ન હોવાથી અરજદારે આંક–૭ થી અરજી આપી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવાની અરજી આપતાં તે અરજી લગત હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

૪. અરજદારોએ તેમની અરજીમાં જે હકકોની માંગણી કરેલ છે તેનો નિર્ણય બંને પક્ષકારોને પુરાવાની તક આપ્યા બાદ થઈ શકે તેમ છે અને તેમાં ઘણો સમય જાય તેમ

છે. વધુમાં સામાવાળાએ તેમને કોઈ હકક કે લાભ ચુકવેલ નથી.

૫. અરજદારના પ્રતિનીધીશ્રીની રજુઆત તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં મુળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી મુળ અરજીના પેરા–૩ માં જણાવેલ હકકોની માંગણી કરેલ છે તે રકમ જો અરજદાર મુળ અરજીમાં સફળ નિવડે તો સામાવાળા પાસેથી વસુલ થઈ શકે તે માટે સંસ્થાને અરજીમાં જણાવેલ માલ મિલ્કત, મશીનરીની યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવામાં ન આવે તો અરજદારના સદરહુ હકકો ડુબી જવાની સંભાવના રહેલ છે. જયારે સામાવાળાને યથાવત પરિસ્થિતીથી કોઈ નુકશાન જાય તેમ નથી જેથી આ તમામ સંજોગો જોતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. અરજદારની આંક–રની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે અરજદારની અરજીમાં જણાવેલ મિલ્કતોનો આંક–૧ ની અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી માલીકી અને કબજા અંગેની સ્થિતિની સામાવાળાએ યથાવત પરિસ્થિતી જાળવી રાખવી.

૩. પેમેન્ટ ઓફ વેજીસ અરજી નં. ૬૦૩/૨૦૧૨ ની અરજીની હવે પછીની સુનાવણી

તા. ૨૮ /૦૩ /૨૦૧૪ ના રોજ રાખવામાં આવે છે.

**Date : 21-02-2014**
**Place : AHMEDABAD**
CODE: GJ00755

**( SANJAY BABULAL SHAH )**
**LABOUR COURT NO-5,**
**AHMEDABAD.**

*P.N.SHAH ,P.A.*